# ટપુક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૨૩

અંક : ૪


**સંસ્થાની યાત્રા-૭**

વર્ષ ૨૦૧૨-૧૩માં કૃષિ ઉત્પાદક વૃધ્ધિઅને આપતીજન્ય જોખમો બાબતે વર્ષા વિમાને સમજવા પ્રયાસ થયો. વર્ષા વિમા યોજના એટલે કે અનિયમિત વરસાદ આધારિત વિમા યોજના. કાર્યક્ષેત્રનાં ખેડૂતોમાં તે માટે જાગૃતિ ઉભી કરવામાં આવી. વર્ષ દરમ્યાન ૧૦ ફાર્મર્સ કલબની શરૂઆત કરી. ખેડૂતો માટે બેંકીંગ પદ્ધતિ, પાક સંબંધિત જાણકારી, પ્રેરણા પ્રવાસથી ખેતીમાં સુધારો જેમાં જાફરાબાદ, ખાંભા તાલુકાનાં ખેડૂતોને જોડવામાં આવ્યા અને ૪૦ જેટલાં ખેડૂતોને પ્રેરણા પ્રવાસનાં માધ્યમથી સુક્ષ્મ પિયત પદ્ધતિ, સોલાર પંપ અને જુદા જુદા પાકોની જાણકારી આપવામાં આવી. દરિયાકિનારાનાં ખેડૂતો ફકત ચોમાસુ પાક લે છે તે ધ્યાને લઈને સીએસપીસીનાં સહયોગથી ડાયવર્સી ફાઈડ ફાર્મીંગનાં માધ્યમથી પાકોમાં વિવિધતા લાવવા સંવાદ થતા કપાસ અને મગફળીનાં વાવેતર શરૂ થયા. દરિયાકાંઠા વિસ્તાર (અમરેલી અને જુનાગઢ જીલ્લો)માં ખેડૂતોને ખારાશ સાથે રક્ષણ મેળવવા જરુરી તાલીમો નિષ્ણાંતોના સહયોગથી યોજી હતી.

ખેતીવાડી, શિક્ષણ, પોલીસ, મહીલા ઉત્થાન અને સુક્ષ્મ પિયત પદ્ધતિનાં તજજ્ઞોએ સંસ્થાની મુલાકાત લીધી અને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું.

વર્ષ ૨૦૧૩/૧૪માં પર્યાવરણ જાગૃતિ અભિયાન અંતર્ગત જૈવિક વિવિધતાનું સંરક્ષણ અંગે ફાચરીયા ગામે કાર્યશાળાનું આયોજન કર્યુ જેમાં તજજ્ઞો શ્રી બીપીનભાઈ જોષી, પ્રો. તળાવીયા, વિપુલભાઈ શેલડીયા, અશોકભાઈ શેલાર તથા સુરેશભાઈ ગોહીલ એ હાજરી આપી માર્ગદર્શન પુરુ પાડયુ હતુ. વઢેરા ખાતે નિદર્શન પ્લોટનું આયોજન કરવામાં આવ્યું. આ વર્ષનાં પેયજળ અને સ્વચ્છતાં કાર્યક્રમ અંતર્ગત સીએપીસી અને વાસ્મોનાં સહયોગથી ઉના તાલુકાનાં દરિયાઈ પટીનાં ૧૫ ગામોનાં સ્વચ્છતાં, શુધ્ધ પાણી અને શૌચાલય નિર્માણ

**સફળતા હાથની રેખાઓમાં નહીં માથા પરના પરસેવામાં હોય છે.**

માટેની કામગીરી હાથ ધરવામાં આવી. સંસ્થાની ટીમ દ્વારા ત્રણ વર્ષ માટે ટેકનિકલ સહયોગ પુરો પાડવામાં આવ્યો. વર્ષ દરમ્યાન ખેતી વિષયક માહીતી અને જાણકારી માટે નાબાર્ડનાં સહયોગથી ખાંભા તાલુકાની ફાર્મસ ક્લબનાં ૨૦ સભ્યોને બાયફના ચાંચકવડ કૃષિ કેન્દ્ર, નવસારી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કૃષિ યુનિવર્સિટી નવસારીની મુલાકાત પ્રેરણા પ્રવાસનાં માધ્યમથી કરવામાં આવી. સુક્ષ્મ ધિરાણ ઉદ્યોગ સાહસિકતાં અંતર્ગત સાસાકાવા ઈન્ડિયા લેપ્રસી ફાઉન્ડેશનનાં સહયોગથી જુનાગઢ લેપ્રસી કોલોનીનાં ૫ કુટુંબોને મંડપ સમીયાણા માટે અને ભાવનગર લેપ્રસી કોલોનીની ૫ પરિવારના બહેનોને સિવણ માટે વ્યવસાય જરૂરી તાલીમ અને શિક્ષણ માટે સંસ્થાની ટીમના સભ્યોએ મેન્ટરીંગ કાર્ય કર્યુ હતુ. લાભાર્થીઓની પસંદગી બાદ દીલ્હી ખાતે તેમની તાલીમ યોજાઈ જેમાં સાસાકાવાની ટીમએ માર્ગદર્શન આપ્યુ હતુ. દરિયાકાંઠાનાં ખેડૂતોની જમીનમાં ખારાશ ઘટાડવા તેમજ પાણીના કાર્યક્ષમ ઉપયોગને ધ્યાનમાં લઈ સીએસપીસીનાં સહયોગથી ડ્રીપ અને સ્પ્રીન્કલરનાં વેચાણ માટે અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીમાં એન્ટરપ્રીનીયોર મોડેલ બન્યુ.

(ક્રમશઃ)

## અસરકારક જમીન સુધારક જીપ્સમ ખેતી માટે ખૂબ ઉપયોગી

જીપ્સમને લોકલ ભાષામાં ચિરોડી કહે છે. જીપ્સમનું રાસાયણિક બંધારણ કેલ્શિયમ સલ્ફેટ(CaSo4) છે. જીપ્સમ એ દ્વિતીય ખનીજ સ્વરૂપે કુદરતી રીતે બહુ મોટા જથ્થામાં ઉપલબ્ધ છે. તેની ખાણો રાજસ્થાન, ગુજરાત, હિમાલય પ્રદેશ, જમ્મુ – કાશ્મીર અને તામિલનાડુમાં આવેલી છે. ભારતમાં જીપ્સમના કુલ જથ્થાનો ૯૦ ટકા ભાગ રાજસ્થાનમાં આવેલ છે. ખાણમાંથી ઉપલબ્ધ જીપ્સમ ઉપરાંત ઔદ્યોગિક આડ પેદાશમાં મળતા જીપ્સમનો મોટો જથ્થો ફોસ્ફોરિક એસિડ બનાવતા ઉપલબ્ધ થાય છે. તેને ફોસ્ફો જીપ્સમ કહે છે. દર એક ટન ફોસ્ફોરિક એસિડ પેદા થતા ૫.૫ ટન જેટલો ફોસ્ફો જીપ્સમ આડ પેદાશરૂપે મળે છે જે પાઉડરના રૂપમાં હોય છે. સમગ્ર દેશમાં અંદાજે ૨૦૦ લાખ ટન કરતાં વધારે ફોસ્ફો જીપ્સમ આડપેદાશ રૂપે મળે છે.

કેલ્શિયમ અને ગંધક તત્વોની ઉણપમાં અગત્યના ખાતર તરીકે ભારે માટીયાળ જમીનમાં પાકને અનુરૂપ ભૌતિક પરિસ્થિતિ જાળવવામાં જમીન સ્થાપક (સોઈલ કન્ડીશનર) તરીકે ઉપયોગી છે. ભાસ્મિક, ખારી – ભાસ્મિક જમીનો તેમજ પિયતના પાણીની સુધારણા માટે અગત્યના રાસાયણિક જમીન સુધારક તરીકે ઉપયોગી છે. જીપ્સમથી જમીનનો બાંધો સુધરે છે.

**ઘણીવાર જીવનમાં નવો રસ્તો મેળવવા માટે ભૂલા પડવું પણ જરૂરી છે.**

જીપ્સમમાં સૂક્ષ્મ તત્વો જેવા કે લોહ, મેંગેનીઝ, જસત અને તાંબા જેવા સૂક્ષ્મ તત્વો પણ અલ્પ પ્રમાણમાં હોવાથી છોડનો વિકાસ કરવામાં મદદરૂપ બને છે.

દેશના વિવિધ પ્રદેશોમાં થયેલ સંશોધનના પરિણામો સૂચવે છે કે ગંધકના સ્ત્રોત તરીકે તેમજ જમીન સુધારક તરીકે જીપ્સમ એક ઉત્તમ પદાર્થ છે. ખનીજ જીપ્સમની સરખામણીમાં ફોસ્ફો જીપ્સમનો ખેતીમાં ઉપયોગ મહદ અંશે વિશેષ ફાયદાકારક જણાય છે. જમીનનો બાંધો (પ્રત) સુધરતા હવાની અવરજવર તેમજ પાણીની નિતાર શકિત વધે છે અને વોટર–લોગિંગને અટકાવે છે.

(૧) માટીયાળ કઠણ જમીનને પોચી બનાવીને સખત ઢેફાં પડતા અટકાવે છે. (૨) જમીનમાં પાણી શોષવાની શકિતમાં વધારો કરે છે. જમીનનો આસ્વતાનો આંક ૮૩૪૯ ઘટાડે છે. (૩) જમીનનું ધોવાણ અટકાવવામાં મદદરૂપ થાય છે. બિયારણને ઉગવામાં મદદરૂપ બને છે. (૪) પાણીની સંગ્રહશકિત વધવાથી પાણીની અછત વખતે છોડના મૂળ ઉંડે જઈને પાણી શોષીને છોડને ખૂબ રાહત મળે છે. જીપ્સમના ઉપયોગથી નબળી ગુણવત્તા ધરાવતા પાણીના પિયત તરીકે વાપરવાની શકયતામાં વધારો કરે છે. (૫) મેગ્નેશ્યમની તેમજ એલ્યુમીનીયમની ટોક્ષિસિટિમાં ઘટાડો કરે છે. (૬) જીપ્સમના વપરાશથી પાણીના વહી જવામાં ઉપયોગી અને જમીનના ધોવાણને અટકાવે છે. જીપ્સમના વપરાશથી માટીયાળ જમીન પાણીથી બહુ ફુલતી નથી તેમજ પાણી સુકાય ત્યારે જમીનમાં તિરાડો પડતી નથી. (૭) જીપ્સમના વપરાશથી સાધારણ ભીની જમીનમાં સહેલાઈથી ખેડ કરવી શકય બને છે. (૮) તેની સાથે સેન્દ્રિય ખાતર વાપરવાથી ખૂબ જ ફાયદો થાય છે. (૯) જીપ્સમના વપરાશથી હેવી મેટલ ટોક્ષિસિટીમાં ઘટાડો થાય છે. (૧૦) જીપ્સમના વપરાશથી રાસાયણિક ખાતરમાંનું નાઈટ્રોજન તત્વને હવામાં ઉડી જતું અટકાવે છે. (૧૧) જીપ્સમના વપરાશથી ફળ/પાકની ગુણવત્તામાં વધારો થાય છે અને છોડને થતા અમુક રોગોને અટકાવવામાં મદદરૂપ થાય છે. (૧૨) કંદમૂળ વાળા પાકો જેવા કે બટાટા, ગાજર, લસણ અને બીટના પાકોમાં ચીકણી માટી ચોંટી જતી નથી તેથી તેની કાપણી સહેલાઈથી કરી શકાય છે. (૧૩) જીપ્સમથી જમીન પોચી થવાથી અળસિયા સહેલાઈથી મુવમેન્ટ કરી શકે છે તેથી હવા અને પાણીના મુવમેન્ટના કારણે છોડના મૂળનો સારો વિકાસ થવાથી છોડની વૃદ્ધિ સારી થાય છે. (૧૪) જીપ્સમનો ખાતર તરીકે તેમજ ખારી–ભાસ્મિક જમીનમાં જમીન સુધારવા ઉપયોગ કરી શકાય છે.

અહીં ખારાપાટ વિસ્તારમાં જીપ્સમનો ઉપયોગ ખેડૂતો કરી રહયા છે.


**સંકલન : પરેશ સોલંકી**

***જે વસ્તુ તમને ચેલેન્જ કરી શકે છે એ જ વસ્તુ તમને ચેન્જ કરી શકે છે.***

## ડેન્ટલ હાઈજીન ચેકઅપ કેમ્પ

ડો. નેમી પટેલ અને એઆઈએફનાં સહયોગથી ચાલતાં ડેન્ટલ હાઈજીન ચેકઅપ કેમ્પ અમરેલી જીલ્લાનાં ૧૧ ગામોમાં કરવામાં આવેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ | ગામનું નામ | તાલુકો | સ્થળ | સારવાર અપાયેલ દર્દીઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | સ્ત્રી | પુ. | છોકરા | છોકરી | કુલ |
| 1 | 28-03-2021 | શેડુભાર | અમરેલી | ગ્રા.પં.કચેરી શેડુભાર | 58 | 17 | 4 | 0 | 79 |
| 2 | 30-03-2021 | વલારડી | બાબરા | પ્રા. શાળા વલારડી | 39 | 31 | 11 | 1 | 82 |
| 3 | 02-04-2021 | હરીપુરા | અમરેલી | ખોડીયાર મંદિર હરીપુરા | 46 | 34 | 2 | 1 | 83 |
| 4 | 03-04-2021 | માંગવાપાળ | અમરેલી | પ્રા. શાળા માંગવાપાળ | 16 | 22 | 2 | 1 | 41 |
| 5 | 04-04-2021 | ચરખા | બાબરા | પ્રા. શાળા ચરખા | 25 | 15 | 4 | 3 | 47 |
| 6 | 05-04-2021 | પીપળલગ | અમરેલી | પ્રા. શાળા પીપળલગ | 10 | 18 | 4 | 0 | 32 |
| 7 | 06-04-2021 | ચમારડી | બાબરા | પ્રા. શાળા ચમારડી | 18 | 12 | 1 | 0 | 31 |
| 8 | 07-04-2021 | વાંડળીયા | બાબરા | પ્લોટ પ્રા. શાળા વાંડળીયા | 25 | 33 | 10 | 2 | 70 |
| 9 | 08-04-2021 | સાંગાડેરી | અમરેલી | પ્રા. શાળા સાંગાડેરી | 6 | 21 | 4 | 6 | 37 |
| 10 | 08-04-2021 | વેણીવદર | અમરેલી | ગ્રા.પં.કચેરી વેણીવદર | 5 | 0 | 0 | 0 | 5 |
| 11 | 09-04-2021 | નાનાં આંકડીયા | અમરેલી | પ્રા. શાળા નાના આંકડીયા | 24 | 23 | 1 | 1 | 49 |
| | | | | કુલ | **272** | **226** | **43** | **15** | **556** |



**જીંદગી એ પણ એવી શાળા છે જ્યાં વર્ગ બદલાય છે વિષયો નહિ.**

દંતવિષયક જાગૃતિ અને ડેન્ટલ ચેકઅપ કેમ્પની કામગીરી કરવાના આ કાર્યક્રમની શરૂઆત સપ્ટેમ્બર ૨૦૨૦ થી ચાલુ કરવામાં આવી હતી.

જુદા જુદા માધ્યમ દ્વારા (જેમકે વોટસએપ, રૂબરૂ અને ટેલીફોનિક) દંતવિષયક જાગૃતિ કરવામાં આવેલ છે. જેમાં જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત દાંતની સંભાળ, દાંતનાં રોગો, સારી ટેવો અંગે લોકોને માહિતી પુરી પાડવામાં આવી હતી.

સમુદાયમાં ૧૨૪૭ લોકોને, શાળાઓમાં ૨૭૧ વિદ્યાર્થીઓને, શાળા/આંગણવાડી સ્ટાફ તથા ૯૧૩ બાળકોને સીધો સંપર્ક કરી આવરી લેવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમનાં ભાગરૂપે ડેન્ટીસ્ટ દ્વારા કાર્યક્ષેત્રનાં ૩૦ ગામો પૈકી ૧૧ ગામોમાં ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરેલ જેમાં દાંતની ચકાસણી, દાંત કલીનીંગ, દાંતનાં દુઃખાવા અને દાંત કાઢવા જેવી કામગીરી કરવામાં આવે જે સબબ કુલ ૪૯૮ કોમ્યુનીટી અને ૫૮ બાળકોને આવરી લીધેલ છે.

વધુ સારવારની જરૂર માટે કેસ પેપર તૈયાર કરવામાં આવેલ છે અને વધુ સારવાર માટે માર્ગદર્શન આપવામાં આવેલ છે. જે દર્દીઓને દવાની જરૂર હતી તેવા દર્દીઓને દવાઓ પુરી પાડવામાં આવેલ છે.




**જીંદગી એવી રીતે જીવો કે ભવિષ્યમાં બધા જાણે કે તમે કેવી રીતે જીવતા હતા.**

## દાંતનો ભયંકર રોગ પાયોરીયા

પાયોરીયા દાંતનો સૌથી વધુ થતો રોગ છે અને દાંત ગુમાવવાનું સૌથી મોટું કારણ છે.

સામાન્ય રીતે આ રોગ મોટી ઉંમરે ૩૫ થી ૪૦ વર્ષ પછી થાય છે. આ રોગ નાની ઉંમરે ભાગ્યે જ જોવા મળે છે. નાની ઉંમરે થતાં પાયોરીયાને જયુવેનાઈલ પોરીયોડોન્ટાઈટીસ કહે છે.

આ વિભાગમાં આપણે આ રોગ શું છે અને તે કેવી રીતે થાય છે તે સમજશું.

આ રોગમાં દાંતના બંધારણને કોઈ નુકશાન થતું નથી પણ દાંતના મુળીયાંને જડબાની અંદર મજબુત રીતે જકડી રાખતી પેશીઓને નુકશાન થાય છે. દાંતના મૂળિયાં હાંડકાં સાથે પેઢા તેમજ પેરીયોડોન્ટલ ફાઈબર દ્વારા મજબુત સ્થિતિમાં જકડાયેલા હોય છે.

દાંતની વ્યવસ્થિત સફાઈ ન થતી હોય તો દાંતની ઉપર એક સફેદ પીળાશ પડતું પડ જામે છે. જેને પ્લાક કહે છે. જેનો બેકટેરીયાના સમૂહો ઘર તરીકે ઉપયોગ કરે છે. આ પ્લાક બ્રશ વડે બરાબર સાફ થઈ શકે છે. પરંતુ નિયમિત બ્રશ વડે દૂર થઈ શકતી નથી એટલી મજબૂત રીતે દાંત સાથે ચોંટલી હોય છે. આ છારી મોટે ભાગે દાંત અને પેઢા જયા ભેગા થતા હોય તે ખાંચ પાસે જમા થાય છે. આ છારીનાં બંધારણમાં ૯૬% બેકટેરીયા હોય છે. જે પેઢામાં ચેપ ફેલાવે છે અને પેઢા પર સોજો લાવે છે. જો આ છારી શરૂઆતના તબક્કામાં જ દૂર કરવામાં ન આવે તો ક્રમશઃ તેના જથ્થામાં વધારો થતો જાય છે અને વધારે પ્રમાણમાં પેઢાને નુકશાન કરતું જાય છે. જેમજેમ રોગ તબક્કાવાર વકરતો જાય તેમ પેઢા પર સોજો વધતો જાય છે અને દાંતના મૂળિયાંને સજ્જડ રીતે પકડી રાખતા હાડકાનો નાશ થતો જાય છે, સાથે–સાથે પેરીઓડોન્ટલ ફાઈબર, કે જે હાંડકાં અને દાંતના મૂળિયાં વચ્ચે હોય છે અને દાંતને તેની મજબૂત સ્થિતિમાં રાખે છે, તેનો નાશ થતો જાય છે. બે દાંત વચ્ચેની જગ્યામાં ખોરાક ફસાવાની સમસ્યા થાય છે. પેઢામાંથી રસી નીકળે છે. છારીના થર જામતા જાય છે. બે દાંત વચ્ચેની જગ્યામાં ખોરાક ફસાવાની સમસ્યા થાય છે. પેઢામાંથી રસી નીકળે છે. છારીના થર જામતાં જાય છે. બ્રશ કરતી વખતે પેઢામાંથી લોહી નીકળે છે. ક્યારેક તો આપમેળે પણ લોહી નીકળે છે. છારીને કારણે મોઢામાંથી દુર્ગંધ આવે છે અને છેલ્લે દાંત હલવા માંડે ને છેવટના તબક્કામાં વધારેને વધારે હલતો જાય છે અને પડી જાય છે અથવા પડાવવો પડે છે અને દાંત ગુમાવવો પડે છે.

**હૃદય સુધી એ જ પહોંચતા હોય છે, જે હૃદયથી બોલતા હોય છે.**

## યાદ રાખો

દાંતનાં આ ભયંકર રોગ પાયોરીયામાં ક્યારેક જ કોઈ કેસમાં દુઃખાવો થતો જોવા મળે છે એટલે એમ સમજવુ નહી કે ભ્રમમાં પણ રહેવું નહી કે દાંતમાં દુખાવો નથી એટલે મને દાંતની કોઈ તકલીફ નથી.

## આ રોગનાં લક્ષણો

શરૂઆતના તબકકામાં આ રોગમાં પેઢા પર લાલાશ પડતો સોજો હોય છે, પેઢા પાસે દાંત પર કાળી કે પીળાશ પડતી છારી (કચરો) જામી હોય જે બ્રશથી દૂર ન થતી હોય. આ છારી મોટેભાગે નીચેના આગળના દાંતમાં અંદરની બાજુએ વધારે જમા થાય છે. બ્રશ કરતી વખતે કે આપમેળે પેઢામાંથી લોહી નીકળતું હોય, પેઢા દાંતની આજુબાજુથી ઉખડી ગયા હોય, મોઢામાં વાસ આવતી હોય, પેઢામાં ક્યારેક ખંજવાળ આવતી હોય. આ તબક્કામાં દુખાવો થતો નથી. વધારે આગળના તબક્કામાં પેઢા ફૂલી જાય છે, લોહી વધારે પ્રમાણમાં નીકળે છે. પેઢામાંથી રસી નીકળે છે, ક્યારેક જ દુખાવો થાય છે અલ્ટ્રાસોનિક સ્કેલર (સ્કેલીંગ) દ્વારા દૂર કરાવવી જોઈએ. જેથી, આ રોગને શરૂઆતના તબક્કામાં જ અટકાવી શકાય અને દાંતને બચાવી શકાય.

## સારવાર

પાયોરીયાની સારવાર, રોગ તેના ક્યાં તબક્કામાં છે તેના પર આધાર રાખે છે. જો રોગ શરૂઆતના તબક્કામાં જ હોય તો માત્ર સ્કેલીંગ દ્વારા છારી દૂર કરવાથી જ મટાડી શકાય છે. વધારે આગળના તબક્કામાં હાડકાનું પ્રત્યારોપણ (બોન ગ્રફટીંગ), પેઢાની સર્જરી (ફ્લેપ સર્જરી) ની સારવાર દ્વારા કરી શકાય છે. છેલ્લા તબક્કામાં જ્યારે દાંત એકદમ હલતો હોય અને વધારે પ્રમાણમાં પેઢા તેમજ હાડકાનો નાશ થઈ ગયો હોય તેવા કિસ્સામાં કોઈ સારવાર કારગત નીવડતી નથી ત્યારે છેલ્લા ઉપાય તરીકે દાંત કઢાવી નાખવો પડે.

## પાયોરીયાને કારણે દાંત ગુમાવવા ન પડે તે માટે શું કરવું ?

પાયોરીયા જ ન થાય તેવું વાતાવરણ ઉભું કરવું, તો તેના માટે શું કરવું જોઈએ ? નિયમિત જમ્યા બાદ દરેક વખતે વ્યવસ્થિત દાંતની બ્રશ વડે સફાઈ કરો. દર છ મહિને કોઈ પણ તકલીફ ન હોય તો પણ તમારા દાંતના ડોકટરની મુલાકાત લો, જે મોઢાની તબીબી તપાસ કરશે અને જો દાંત પર છારી જામી ગઈ હોય તો સ્કેલીંગ દ્વારા દૂર કરશે. સ્કેલીંગથી પેઢા તંદુરસ્ત થશે. તંદુરસ્ત પેઢા તમારા દાંતને જીવનભર મજબુત રાખશે.

સંકલન : રમેશભાઈ સોલંકી

**હસી જવાથી અને હટી જવાથી ઘણા બધા પ્રોબ્લેમનો અંત આવી જાય છે.**

## Happy Birthday

| | |
|---|---|
| Pankaj sarvaiya | 04.05.1993 |
| Chaku Sankhat | 08.05.2001 |
| Krunal Nasit | 26.05.1993 |
| Pankaj Parmar | 28.05.1995 |
| Priti Bambhaniya | 28.05.1996 |

## In this month

| | |
|---|---|
| 05-06 | Performance review meeting with team |
| 8 | Team meeting for convergence. |
| 9 | Meeting with Soniya Mulick |
| 28-13 | Community members reached through free Dental Check-up Camps. |
| 22-13 | Campaign on Bij Swaraj Abhiyan. |
| 19-26 | Orientation - VFS student of IRMA. |
| 26 | Virtual meeting for an ADB project. |

### જોક્સ

દરજીભાઈ બસમાં ચડતા જ
એના કારીગરનો ફોન આવ્યો,
દરજીભાઈ ફક્ત એટલું જ બોલ્યા કે
તું ખિસ્સા કાપ.. ગળા હું કાપીશ ...
ત્યાં તો આગલા સ્ટેશન પર આખી બસ
ખાલી થઈ ગઈ...

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**દરેક નાનો બદલાવ મોટી સફળતાનો એક ભાગ હોય છે.**